Col Brown

# શ્રી શત્રુંજય – મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

માસ્ટર ઑફ જૈનિઝમ્ પ્રથમ વર્ષ

ઓક્ટોબર ૨૦૨૧

દ્વિતીય સત્ર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૫૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૧૫ મે સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પ્રથમ બે અધ્યાયમાંથી લખવાનો છે.

---

**પ્રશ્ન –૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. જે આકારનું વર્ણન થઈ શકે, જેની તુલના કરી શકાય અને જે નિયતરૂપ હોય તે...............સંસ્થાન છે.

૨. જ્યા ઇન્દ્ર–સામાનિક આદિરૂપે દેવોના વિભાજનની કલ્પના નથી, બધા દેવો બરોબરીવાળા હોવાથી ........... કહેવાય છે.

૩. જીવના પ્રયત્નથી ઉત્પન્ન થતા શબ્દ......................... શબ્દ કહેવાય છે.

૪. દેવકુરુ ઉત્તરકુરુ ...................... ભુમિઓ છે.

૫. પારકા સ્વરૂપને પ્રાપ્ત ન કરવું તે......................... છે.

૬. .................. વિના આ દુઃખમય, પાપમય અને સ્વાર્થમય સંસારમાંથી મુક્તિ નથી.

૭. સાતમા–આઠમા દેવલોકના દેવોની વિષયતૃષ્ણા દેવીઓના હાસ્ય–સંગીત–શબ્દાદિ સાંભળવા માત્રથી શાંત થઈ જાય છે તેથી તે.................... છે.

૮. અર્ધપુષ્કર વર દ્વીપ પછી કિલ્લાની જેમ ગોળાકાર....................... પર્વત છે.

૯. પરમાણુનું સૂક્ષ્મત્વ એ .................. છે.

૧૦. ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય અરૂપી હોવાથી......................... નથી.

૧૧. પુષ્પની જેમ છુટા છવાયા નરકાવાસો..................... નરકાવારો કહેવાય છે.

૧૨. સુખ–દુઃખ, જીવન–મરણ એ પણ .......................... નો ઉપકાર–કાર્ય છે.

૧૩. પ્રથમ ત્રણ નરકમાંથી આવેલો જીવ ...................... થઈ શકે છે.

૧૪. સીમા કે સરહદની રક્ષા કરનાર દેવો ..................... નામથી ઓળખાય છે.

૧૫. દ્રવ્યના એવા ધર્મો જે સદા–સર્વદા એની સાથેજ હોય, ક્ષણવાર પણ દ્રવ્યથી વિખુટા ન પડે તે દ્રવ્યના.............. ગુણો કહેવાય છે.

૧૬. દેવલોકના અવર્ણનીય સુખોને પણ ..................... નો કલંક લાગેલો છે.

૧૭. વારૂણીવર સમુદ્રને ફરતો ...................... દ્વીપ છે.

૧૮. રૈવત એ..................... નો ભેદ છે.

૧૯. એક ભવ છોડી બીજા ભવમાં ઉત્પત્તિના સમયથી શરીર પર્યાપ્તિની પૂર્ણાહૂતિ સુધી જે પુદ્ગલોનો આહાર ગ્રહણ કરવામાં આવે છે એને .................... કહેવાય છે.

૨૦. વણકર, કુંભારાદિ ................. કહેવાય છે.

૨૧. કર્મભૂમિ જ ...................... અપાવી શકે છે.

૨૨. એક પિંડરૂપે રહેલા વસ્તુના વિભાગ (ટુકડા) કરવા તે .................. કહેવાય છે.

૨૩. સમભૂતલા પૃત્વીથી નવસો યોજન ઉપર .................. ના વિમાનો છે.

૨૪. આપણે જે કાર્ય કરવા પ્રયત્ન કરીએ તેનાથી વિરુદ્ધ જ પરિણામ આવે તેને .............. કહેવાય છે. ૨૫

૨૫. ઇન્દ્રધનુષ્ય એ ......................... બંધ છે.

**પ્રશ્ન–૨ એક જ શબ્દમાં જવાબ આપો.**

૧. તારવાળા વાદ્યોથી ઉત્પન્ન થતા શબ્દોને શું કહેવાય છે ?

૨. પૃથ્વીનો આધાર કોણ છે ?

૩. પલ્યોપમનો આઠમો ભાગ કોની જઘન્ય સ્થિતિ છે ?

૪. કોના પાશમાંથી મુક્તિ એ આપણી મંઝિલ છે ?

૫. રુક્ષ પુદ્ગલનો સ્નિગ્ધ પુદ્ગલસાથેના બંધને શું કહેવાય છે ?

૬. હરિ ાને હરિસહ ઇન્દ્ર કયા દેવોના છે ?
૭. અઢી દ્વીપમાં આર્યદેશ કેટલા છે ?
૮. દસ લાખ નરકાવાસો કયાં છે ?
૯. પુદ્‌ગલના પ્રદેશો સંકોચ–વિસ્તારની ક્રિયાવાળા છે એનું દૃષ્ટાંત જણાવો ?
૧૦. ભજીયાની જેમ નારકીના જીવોને તળી કાઢે તે પરમાધામીનું નામ શું છે ?
૧૧. શરીર. વસ્ત્ર, આભરણાદિના તેજને શું કહેવાય છે ?
૧૨. એક જીવના પ્રદેશ કેટલા ?
૧૩. ચંપક કોનું ચિન્હ છે ?
૧૪. નિશ્ચનયથી આકાશનો આધાર કોણ છે ?
૧૫. કીલિકા સંઘયણવાળો જીવ કઇ નારકીસુધી જઇ શકે છે ?
૧૬. દુ:ખના અનુભવમાં અભ્યંતર કારણમાં કોનો ઉદય છે ?
૧૭. ગમનાગમનની ક્રિયા ન હોવાથી ધર્માસ્થિકાયાદિ ત્રણ દ્રવ્ય કેવા છે ?
૧૮. ત્રિગુણ સ્નિગ્ધનો, ત્રિગુણ સ્નિગ્ધ સાથે બંધ થાય ?
૧૯. સર્વાર્થસિદ્ધના દેવો કેટલા પખવાડીયે એક શ્વાસોશ્વાસ લે છે ?
૨૦. પરમાધામી દેવો આયુષ્ય પૂર્ણ કરીને શું બને છે ?
૨૧. ચાક્ષુષ સ્કંધ ની ઉત્પત્તિ માટે શું આવશ્યક છે ?
૨૨. મેરૂપર્વતના બીજા કાંડ ઉપર કયું વન છે ?
૨૩. 'પુલિંદ' નો સમાવેશ શેમાં થાય છે ?
૨૪. કાયમી તૃપ્તિ જોઇતી હોય તો શું આવશ્યક છે ?
૨૫. દ્રવ્ય લેશ્યા શેની સાથે સંકળાયેલી છે ?

**પ્રશ્ન–૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઇ પણ એક)**

૧. **દેવલોક અને નરકના જીવોનો તુલનાત્મક અભ્યાસ:**
(દેવલોક–નરક કયાં ? બન્ને ક્ષેત્ર કેવા ? દેવોના–નારકીઓના પ્રકાર, બન્નેની અવગાહના, આયુષ્ય, સુખ–દુ:ખ, ગતિ–અગતિ, તીર્થકરાદિ ૬૩ શલાકા પુરુષો બન્ને સ્થાનોમાંથી આવી શકે, કયાં કયાં જઇ શકે ? બન્નેમાં લેશ્યા-શરીરાદિ વિચારણા, બન્નેમાં જન્મ–મરણ–આહારાદિ પ્રક્રીયાઓ)

૨. **અજીવ તત્વનો જીવ (આપણા) ઉપર પ્રભાવ :**
(અજીવ એટલે શું ? એના ભેદ આપણા નિત્ય જીવન ઉપર અસર, અજીવ પ્રત્યે મોહથી જીવ દુ:ખી, અજીવ સાથે આપણો અનાદિ સંબંધ, આસક્તિ ત્યાં ઉત્પત્તિ અજીવની આસક્તિ થી જીવ કયાં કયાં ભટકે ? અજીવ પ્રત્યેની ઉદાસીનતાથી જ જીવ પ્રત્યે મૈત્રી એથીજ વૈરાગ્ય ને વીતરાગતા)

3. **સંસ્થાન વિચય ધર્મ ધ્યાન :**
(ત્રણ લોક વર્ણન, જીવ, કયાં કયાં, કેવી–કેવી રીતે ભટકયો, કયાં કયાં જન્મ–મરણ કર્યા–ચડવાના–પડવાના સ્થાન, જન્મ–મરણમાંથી મુકત થવાનો ઉપાય–વૈરાગ્ય–વિરક્તિ–વીતરાગતા)

એમ.જે. પાર્ટ –૨ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન–પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાકયો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાકયમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ 3) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+ ૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેકટરી કમ્પાઉન્ડ, મોંટા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com